R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 22•ISSUE: 06 DATE: 10-02-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા
એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭



## અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપમાં ભારત ચોથી વાર ચેમ્પીયન બન્યું

રાહુલ દ્રવિડના કોચિંગ હેઠળની ભારતીય અંડર-૧૯ની ટીમે ઓસ્ટ્રેલિયાને હરાવીને આઈસીસી અંડર ૧૯ વર્લ્ડકપ જીતી લીધો હતો. આ સાથે ભારત ચોથી વાર અંડર ૧૯મી ચેમ્પીયન બન્યું હતું. અગાઉ કોઈપણ ટીમ ચાર વખત વર્લ્ડ કપ જીતી શકી નથી.ફાઈનલ મેચમાં ભારતે બેટિંગ અને બોલિંગમાં શારદાર દેખાવ કર્યો હતો.આ મેચમાં ભારતના ઓપનર મનજોત કાલરાએ શારદાર બેટિંગ કરીને સદી નોધાવી હતી.સમગ્ર ટુર્નામેન્ટમાં એકપણ મેચ હાર્યા વગર સતત જીત મેળવીને ભારતીય ટીમ ફાઈનલમાં પહોચી હતી.ભારતે મેળવેલી જીતને ભારતીય ક્રિકેટ બોર્ડે દાદ આપતાં દરેક ખેલાડીને ૩૦-૩૦ લાખ રુપીયાનું ઈનામ આપ્યુ હતું. જ્યારે કોચિંગ માટે રાહુલ દ્રવિડને રુ.૫૦ લાખનું ઈનામ આપ્યું હતું.

## રાજસ્થાન પેટા ચુંટણી ઇન્ટરવલ ફિલ્મ ૨૦૧૯માં : શિવસેના

રાજસ્થાન પેટા ચુંટણીમાં ભાજપને મળેલી હાર પર રાજકીય નિવેદનો ચાલુ છે. મહારાષ્ટ્ર અને કેન્દ્રમાં સરકારમાં ભાગીદાર એવી શિવસેનાએ પણ આ હાર પર ગાળિયો કસ્યો છે.પાર્ટી પ્રવક્તા સંજય રાઉતે કહ્યુ કે આ તો ફક્ત ઈન્ટરવલ છે.૨૦૧૯માં પિકચર પુરુ થશે. કેટલાક દિવસ અગાઉ શિવસેનાએ ભાજપથી અલગ થઈ લોકસભાની ચુંટણી લડવાની જાહેરાત કરી હતી.

રાઉતે કહ્યુ હતું કે ગુજરાત ચુંટણી ટ્રેલર હતું અને રાજસ્થાન પેટા ચુંટણીના પરિણામ ઈન્ટરવલ છે.હવે આખી ફિલ્મ ૨૦૧૯માં દેખાડવામાં આવશે.૨૦૧૯ની લોકસભાની ચુંટણી એકલા લડવાના અમારા સંકલ્પમાં પીછેહઠનો કોઈ સવાલ જ ઉભો થતો નથી. એક વાર તીર કમાનમાંથી છુટી ગયા બાદ પાછું આવવાની સંભાવના રહેતી નથી.

૨૩ જાન્યુ.૨૦૧૮ના રોજ શિવસેનાના સંસ્થાપક બાળાસાહેબ ઠાકરેની જન્મજયંતીએ પાર્ટીએ ઓપચારિક રીતે સબંધ પુર્ણ થયાની જાહેરાત કરી હતી.શિવસેનાએ ૨૦૧૯ની લોકસભા અને વિધાનસભા ચુંટણીમાં ભાજપની સાથે ગઠબંધન નહી કરવાની ઘોષણા કરી દીધી હતી.રાજસ્થાનની લોકસભાની બે સીટ અને વિધાનસભાની એક સીટ પર થયેલી પેટાચુંટણીમાં ભાજપે ત્રણેય બેઠક ગુમાવી હતી.

એજ રીતે ચંદ્રબાબુ નાયડુએ પણ ભાજપનો છેડો ફાડવાની કવાયત શરુ કરી દીધી છે. હાલ પુરતો સંયમ જાળવીને ટેકો જારી રાખ્યો છે.પરંતુ તેઓ તેમ કરવા માટે કટિબધ્ધ બનશે તેવું તેમના નિવેદનોના આધારે કહી શકાય. તેમણે આંધ્રને બજેટમાં કોઈપણ પ્રકારની સવલતો આપવામાં આવી નથી તેનો ભારે વિરોધ નોધાવ્યો છે.ભાજપની સાથે ૨૦૧૪માં જે લોકો જોડાયા હતા તેમાંના મોટાભાગના લોકોને હવે ભાજપ સાથે સબંધો તોડવાની કવાયત શરુ કરી દીધી છે.૨૦૧૯માં ભાજપે એકલા હાથે ચુંટણીઓ લડવી પડશે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કેન્દ્રીય અદાજપત્રની ચારેકોર ટીકાઓ થઇ રહી છે.અણ્ણા હજારેએ ખેડુતોની છેતરપીડી સમાન ગણાવ્યુ

સરકારના અંદાજપત્ર પર વિવિધ મત વ્યક્ત કરાઈ રહ્યા છે.સત્તાધારીઓ બજેટનું સમર્થન કરે છે.જ્યારે વિપક્ષો તેની ટીકા કરી રહ્યા છે.વરિષ્ઠ સમજસેવક અણ્ણા હજારેએ વિરોધીઓનો સુર આલાલ્યો છે. તેમણે કહ્યુ હતું કે મોદીનું બજેટ ખેડુતોને છેતરનારુ બજેટ છે.અત્યાર સુધીમાં લાખો ખેડુતોએ આત્મહત્યા કરી છે. બજેટમાં ખેડુતોને રાહત મળવાની અપેક્ષા હતી. પરંતુ બજેટમાં ખેડુતો માટે કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ તેઓ કઠોર પરિશ્રમ કરે છે તેથી તેમના પગારમાં વધારો કરાઈ રહ્યો છે.ખેડુતો માટે પેન્સનની જાહેરાત થવાની ધારણા હતી.ઉદ્યોગપતિઓનું ભલું થયું છે.

## રાજસ્થાન ભાજપને ટ્રિપલ તલાક આપનારું પહેલું રાજ્ય : શત્રુધ્નસિંહા

રાજસ્થાનની પેટા ચુંટણીમાં ભાજપને હારનો સામનો કરવો પડ્યો છે. ભાજપની આ હાર અંગે પાર્ટીનાજ સાંસદ શત્રુધ્નસિંહાએ ટ્વીટ કરીને કહ્યુ હતું કે સત્તારુઢ પાર્ટી માટે રેકોર્ડ બ્રેકીંગ ખતરનાક પરિણામો સાથે બ્રેકિંગ ન્યુઝ ભાજપને ટ્રીપલ તલાક આપનારું રાજસ્થાન પ્રથમ રાજ્ય બની ગયું છે.અજમેર-તલાક, અલવર-તલાક, માંડલગઢ-તલાક. આપણી પાર્ટીને આંચકો આપીને આપણા વિરોધીઓએ રેકોર્ડ અંતરથી ચુંટણીમાં જીત મેળવી છે. રાજસ્થાન પેટા ચુંટણીના પરિણામો પરની ટ્રીપલ તલાક અંગેની આ મજાક અંગે ભાજપ સાંસદ બાબુલ સુપ્રીયોએ જવાબ આપ્યો હતો કે તમને એટલી નફરત હોય તો તમે ટ્રિપલ તલાક આપી દો અને ભાજપની છોડી દો.

બાબુલ સુપ્રીયોએ કહ્યુ હતું કે શત્રુધ્નસિંહાને કહુ છું કે આપને આટલી નફરત છે તો શા માટે રોજ સંસદમાં આવીને બેસો છો. શા માટે એવી સ્થિતિ પેદા કરો છો કે બીજાને બોલવું પડે. ખામોશ ડ્રેસીંગરુમની વાત ત્યાં જ રહેવી જોઈએ. તમેજ ટ્રિપલ તલાક આપી દો અને ખુદ જ ભાજપ છોડી દો.શત્રુધ્ન સિંહા નરેન્દ્ર મોદી સરકાર સાથે સંકળાયેલા મુદ્દાઓ અંગે અવાજ ઉઠાવવા માટે બનેલા બિનરાજકીય મંચ સાથે જોડાઈ ગયા છે.આ મંચ સાથે જોડાયા પછી તેમણે કહ્યુ હતું કે આ મંચનો હિસ્સો બન્યા પછી ખુલ્લી હવામાં શ્વાસ લેવા જેવો અહેસાસ થઈ રહ્યો છે. તેમાં સામેલ થયા પછી હું દેશની ભલાઈ માટે પોતાના વિચાર સ્વતંત્ર થઈને વ્યક્ત કરી શકું છું.

## મહારાષ્ટ્ર કરણીસેનાએ પધ્માવતમાં રાજપુતોની ગૌરવગાથા રજુ થઇ છે કહી વિરોધ પાછો ખેચ્યો

ફિલ્મ પધ્માવત રીલીઝ અંગે ભારે વિરોધ થયા બાદ મહારાષ્ટ્ર કરણી સેનાએ કહ્યુ છે કે ફિલ્મ પધ્માવતમાં રાજપુતોની વીરતા અને ગૌરવ ગાથા રજુ કરવામાં આવી છે.ગુજરાત,રાજસ્થાન અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યો કે જ્યાં ફિલ્મ રીલીઝ પર પ્રતિબંધ મુકાયો છે તે સહિત દરેક રાજ્યોમાં ફિલ્મ પધ્માવતને રીલીઝ કરવામાં કરણી સેના મદદ કરશે તેમ કરણી સેનાના મુંબઈ અધ્યક્ષ યોગેન્દ્રસિંહે જણાવ્યુ હતું.

ઉલ્લેખનીય છે કે ફિલ્મમાં રાજપુતોનું ગૌરવ હણાય તેવી કથા છે અને રાણી પધ્માવત તેમજ ખિલજીના વાંધાજનક દ્ર્શ્યો ફિલ્માવામાં આવ્યા છે તેવું બહાર આવતાં ફિલ્મનો વિરોધ શરુ થયો હતો.ફિલ્મને જાન્યુઆરી ૨૫ના રોજ રિલીઝ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંત આ દરમિયાન કેટલાક અસામાજીક તત્વોએ વિરોધનો ગેરલાભ ઉઠાવી કેટલાક શહેરોમાં હિંસા ફેલાવી હતી.કરણીસેના મુંબઈના અધ્યક્ષ યોગેન્દ્રસિંહ સહિત અન્ય લોકોએ ફિલ્મ જોઈ હતી અને તેમને જણાવ્યુ હતું કે ફિલ્મમાં કોઈ વાંધાજનક રજુઆત નથી.તેમાં રાજપુતોની વીરતા અને ગૌરવગાથા રજુ કરાઈ છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મોદી સરકારનું ચોથુ અને અંતિમ બજેટ રજુ કરતાં નાણાંમંત્રી કોઇ ચમત્કાર કરી શક્યા નથી.બજેટ જાહેર થયા બાદ શેર બજારની હાલત એકદમ કથળી ગઇ અને તેજીનો કોઇ વાવરો દેખાયો નહીં.ખુદ નાણાંમંત્રી ૨૦૨૨માં બજેટની અસરોની વાત કરી તો ચાર વર્ષ પછી બજેટની અસર થવાની હોય તો હાલ માટે તેનો કોઇ મતલબ નથી.નાણાંમંત્રી બજેટની કેટલીક બાબતો ને વકીલની દલીલો માફક ગુંચવી નાંખી જેથી શરુઆતના તબક્કામાં મોટાભાગના લોકોને ખબર જ ના પડી કે બજેટમાં શું કહેવા માંગે છે માત્ર તેમના પક્ષના લોકો તેમની વાહવાહી કરી.

અર્થતંત્રને ધબકતું કરવા માટે,નવી પુંજી નિવેશ, નવા ઊદ્યોગો,નવી રોજગારીની તકો, મોઘવારી ઘટાડવાના નુસખા,મધ્યમવર્ગી લોકો જેમણે તેમને ઉંચકીને આ આસન પર બેસાડ્યા તેમના હિતો અને હક્કોની પરવરીશ જેવી કોઇપણ બાબતોએ આ બજેટે નિરાશ કર્યા છે.દેશનો સળગતો પ્રશ્ન મોઘવારી અને ફુગાવો. તેને કાબુમાં લેવા માટે કોઇ યથાયોગ્ય પ્રયત્ન જ નહી. આ ઉપરાંત દેશની સર્વોચ્ચ રીઝર્વ બેન્ક મોઘવારી ઘટશે નહી તેવું એલાન પાકે પાયે કરી નાંખ્યું.આ દેશની પ્રજા તેની પર કમરતોડ ઝીંકાતા કરવેરામાં રાહત માંગે છે.ગરીબ પ્રજા મોઘવારીમાં હળવાશ અનુભવાય તેમ ઇચ્છે છે.દેશમાંથી ધનવાનોતો વિદેશમાં સ્થાઇ થવા માટે જતા રહેવા માંડ્યા. એનો મતલબ એવો થયો કે જેમને આ દેશના કાયદા,તેમની સ્વતંત્રતા અને તેમનુ અને તેમની માલમિલક્તનું પુરેપુર રક્ષણ અંગેની ચિંતા સતાવતી હોય તે જતા રહે.ખેર તો આ રાજ્યકર્તાઓને આ સવાલ ઉપર મંથન કરવું જોઇએ. માત્ર ઝંડાનું ગણિત અને કોમવાદથી માત્ર દેશનો વિકાસ થતો નથી.

## મંતવ્ય

### દેશના બેરોજગારોની સ્થિતિ ચિંતાજનક છે

ભારતના અર્થતંત્રમાં છેલ્લા કેટલાક સમયથી આવેલી ખરાબ સ્થિતિને પગલે દેશમાં રોજગારી ક્ષેત્રે અત્યંત ચિંતાજનક સ્થિતિ બહાર દેખાઇ આવી છે.કરોડો યુવાનો ઉચ્ચ ડીગ્રી મેળવ્યા પથી પણ કોઇ નોકરી ન મળતાં સ્થિતિ વધુ ગંભીર બની રહી છે ત્યારે બીજી તરફ વડા પ્રધાન મોદીએ પકોડા વેચવા પણ એક પ્રકારનો રોજગાર છે તેમ કહેતાં મામલો બિચક્યો છે.વડાપ્રધાનના આ નિવેદનને સમર્થન કરતું નિવેદન ભાજપના પ્રમુખ અમિત શાહે સંસદમાં કરતાં રોજગાર મામલે પુરા દેશમાં મજાક શરુ થઇ ગઇ છે.દેશના શ્રમ મંત્રાલયમાંથી મળેલા આંકડાઓ પ્રમાણે દેશમાં રોજગારીની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. અહેવાલ પ્રમાણે દેશમાં રોજ ૫૫૦ નોકરી ખતમ થઇ રહી છે. અને આજે ૧૨ કરોડ લોકો બેરોજગારીના ખપ્પરમાં છે.આંકડાઓના સંદર્ભમાં જોઇએ ભારત આજે દુનિયાનો સૌથી વધુ બેરોજગારી ધરાવતો દેશ બની ગયો છે.ભારતીની ૧૧ ટકા વસતી એટલે કે ૧૨ કરોડ લોકો બેરોજગાર છે. ૨૦૧૫-૧૬ના વર્ષમાં બેરોજગારીનો દર પાંચ વર્ષના સૌથી ઉચ્ચતમ સ્તરે પહોચી ગયો છે.૨૦૧૫માં દેશમાં ફક્ત ૧,૩૫,૦૦૦ લોકોનેજ નોકરી મળી હતી. ચાર વર્ષથી ૫૫૦ નોકરીઓ રોજેરોજ ઓછી થઇ રહી છે.આ ચાર વર્ષમાં મહિલાઓમાં બેરોજગારીનું પ્રમાણ ૮.૭ ટકાના દરે વધ્યું છે.શ્રમરોજગાર મંત્રાલયનો રિપોર્ટ કહે છે કે સ્વરોજગારીની તકો પણ દેશમાં ઓછી થઇ છે. અને તેને કારણે પણ નોકરીનું પ્રમાણ ઘટી ગયું છે.

બીજી તરફ ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશનનો અહેવાલ કહે છે કે ૨૦૧૮ના વર્ષમાં ભારતમાં બેરોજગારી ૩.૫ ટકાના દરે વધી શકે છે. આ દર૨૦૧૬-૧૭ના વર્ષ જેટલો જ છે. ઓર્ગેનાઇઝેશનના જણાવ્યા પ્રમાણે સમગ્ર વિશ્વમાંતી ત્રણ વર્ષમાં પહેલી વખત બેરોજગારીનો દર ઓછો થવાનો છે. લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે, બારતમાં ૨૦૧૮માં વધુ ૧.૮૬ કરોડ જ્યારે ૨૦૧૯માં ૧.૯૦ કકરોડ લોકો બેરોજગાર થવાના છે.૨૦૧૭માં સંખ્યા ૧.૮૩ કરોડની હતી.

જો કે મોદી સરકારનું ચોથું બજેટ રજુ કરતાં નાણાંમંત્રી અરુણ જેટલીએ કહ્યુ હતું કે ભારતના જોબ માર્કેટમાં સુધારો થઇ રહ્યો છે અને તેમાં તરલતા આવી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં આ દિશામાં વર્તમાન સરકારે લીધેલા પગલાંની જાહેરાત કરતાં જેટલીએ કહ્યુ હતું કે ૨૦૧૮ના વર્ષમાં કુલ ૭૦ લાખ રોજગારીનું સર્જન થઇ શકશે. (સૌ. ન.ગુ. સ)


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# કેન્દ્ર અને રાજ્ય સરકારોને વિધવાઓના કલ્યાણમાં કોઇ રસ નથી : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોની આકરી ઝાટકણી કાઢતાં જણાવ્યું હતું કે કોનિ વિધવાઓના કલ્યાણમાં રસ નથી.કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા વિધવાઓના કલ્યાણ માટે જરુરી કોઇ પગલાં લેવાતા નથી. જસ્ટીસ મદન બી.લોકુર અને દીપક ગુપ્તાની બેન્ચે જણાવ્યુ હતું કે વિધવાઓની સહાય અને કલ્યાણ માટે જોગવાઇ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આ જોગવાઇઓનો અમલ કરવાનો હોય છે. પરંતુ કોઇ પગલાં લેવાતાં નથી. કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા વકીલની ઝાટકણી કાઢતાં અદાલતે જણાવ્યુ હતું કે શું તમે આ વિધવાઓની દારુણ સ્થિતિ જોઇ છે ? આપણે તેમના માટે શું કરી રહ્યા છીએ ?



કેન્દ્ર સરકારના વકીલે રાજ્યો દ્વારા રજુ કરાયેલી એફિડેવીટોનો જવાબ આપવા માટે કેટલાક સમયની માંગ કરતાં સુપ્રીમ કોર્ટે રોષે ભરાઇ જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકાર ફક્ત સમય માંગવાનું જ કામ કરી શકે છે.સમય તો અનંત છે. અમે સમય આપ્યા સિવાય બીજું શું કરી શકીએ ?અદાલતે વિધવાઓની દયનીય સ્થિતિ પર જણાવ્યુ હતું કે કોઇ તેમની કાળજી લેવા માંગતુ નથી. જો તેમના પરિવાર જ તેમની કાળજી લેવા માંગતા નથી તો તમે કેવી રીતે આશા રાખી શકો છો ? ભારત સરકાર તેમની કાળજી લેશે. અદાલતે કેન્દ્ર સરકારને આ મામલામાં તેમની માહીતી જેમ બને તેમ ઝડપ સુધારવાની તાકીદ કરતાં જણાવ્યુ હતું કે જો રાજ્યો દ્વારા અપાયેલા નિર્દેશોના અમલમાં કોઇ કચાશ રહી હોય તો કેન્દ્ર સરકાર તેમની સાથે વાતચીત કરે.કોર્ટે જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકાર એક સપ્તાહમાં એકશન પ્લાન રજુ કરે.

## કારને વેચ્યા પછી તેનો રેકોર્ડ પર સુધારો કરાવવો જરુરી છે : સુપ્રીમ કોર્ટ

તમે જો કાર વેચી દીધી હશે પરંતુ નોંધણી રેકર્ડ પર માલિકી અંગે ફેરફાર કરાવવાની તસ્દી નહીં લીધી હોય તો તે પછી વાહનની કોઇ દુર્ઘટના થઇ જાય તો કારની માલીકી ભલે બીજાની હોય અને તે બીજી વ્યક્તિ કાર હંકારી રહી હોય તો પણ દુર્ઘટના ના કિસ્સામાં ઊભા થનારા વળતરના દાવા ચુકવણીમાં તમારી જવાબદારી રહેશે.સુપ્રીમ કોર્ટે આ મુજબ ચુકાદો આપ્યો હતો. વિજયકુમાર નામના શખ્સને આ કડવા સત્યનો સામનો કરવાનો વારો આવ્યો હતો.વિજયકુમારે પોતાની કાર એક બીજી વ્યક્તિને ૧૨ જુલાઇ,૨૦૦૭માં વેચી હતી.તે પછી તે કાર બેથી ત્રણ વ્યક્તિને વેચાઇ હતી. ૨૭મે ૨૦૦૯ના રોજ દુર્ઘટના સર્જાઇ ત્યારે કારના કબજેદાર મીરસિંહ હતા. પણ કારને બીજી વ્યક્તિ હંકારી રહ્યા હતા.તે દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું.અને એક વ્યક્તિને ઇજા પહોચી હતી. પરંતુ પંચે નોધણી પ્રમાણપત્રમાં નોંધાયેલા મુળ માલિક વિજયકુમારને દુર્ઘટના સમયે કાર હાંકી રહેલા વ્યક્તિ સાથે રુપીયા ૩.૮૫લાખના વળતરની ચુકવણી માટે જવાબદાર ઠેરવ્યા હતા.

કાચબો માથુ કપાયા બાદ ચોવીસ કલાક જીવે છે.

જગતમાં લાંબામાં લાંબો હાથીદાંત આઠ ફુટનો નોધાયો હતો.

ઇગુએનોડોન નામનું પ્રાણી તેના પગ ઉપર ઉભુ થાય છે.ત્યારે એક નાના ઝાડ જેવું લાગે છે.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332


## ડ્રાઇવીંગ લાઇસન્સને આધાર લિંક કરાવવું ફરજીયાત બનશે

તમારા ડ્રાઇવિંગ લાઇસન્સને તમારે ટુંક સમયમાં જ આધાર સાથે લિંક કરાવવું ફરજીયાત બનશે.બનાવટી લાઇસંસને અંકુશમાં લેવા માટે સરકાર આ પગલું લઇ રહી છે.બનાવટી ડ્રાઇવિંગ લાઇસન્સને અંકુશમાં લેવા સરકાર એક સોફ્ટવેર પણ વિકસાવી રહી છે. તે એપની મદદથી જ ડ્રાઇવિંગ લાઇસન્સને આધાર લિંક કરી શકાશે.સરકારે સુપ્રીમને આ માહીતી આપી હતી. સડક સુરક્ષા મુદ્દે કોર્ટે દ્વારા તૈયાર થયેલી સમિતિએ સુપ્રીમ કોર્ટના જસ્ટીસ દિપક ગુપ્તા અને મદન બી લોકુરની બેંચ સમક્ષ આ માહીતી આપી હતી.સુપ્રીમ કોર્ટના પુર્વ જજ કે.એસ.રાધાકૃષ્ણને તે સમિતિની રચના કરી હતી. ડ્રાઇવિંગ લાઇસન્સને આધાર સાથે જોડવાની વાતને સમર્થન આપવા માર્ગ ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રાલયના સંયુક્ત સચિવ તરફથી મળેલી માહીતીનો સંદર્ભ ટાંકવામાં આવ્યો હતો.

### જાણવા જેવું !

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

# 2019માં જો ભાજપે શાશન ટકાવી રાખવું હશે તો અત્યારથી તૈયારી કરવી રહી

દિલ્હી વિધાનસભાના પરિણામો પછી એવા ઢગલા બંધ લેખો પ્રકાશિત થયા જેમાં ભાજપની ભુલો બતાવવામાં આવી હતી.પરંતુ હવે એ બાબત મહત્વની છે આ સ્થિતિમાંથી કેવી રીતે બહાર આવવું.

ભાજપ જો ભારતમાં પ્રભાવશાળી રાજકીય પક્ષ રહેવા માંગતો હોય તો તેના માટે આ ૧૭ મુદ્દા અગત્યના છે.ઘણા લાંબા સમય પછી કેન્દ્રમાં સ્થિર સરકાર આવી છે.ભાજપ જો આ તક ગુમાવી દેશે તો દેશ એક દાયકો પાછળ પડી જશે.દિલ્હીની ચુંટણીમાં મળેલી હાર વાસ્તવિકતામાં ગંભીર ફટકો છે.આ પરિણામો સાથે મોદી સુનામી,મોદી વેવનો અંત આવ્યો છે.તેનાથી એ પુરવાર થયું છે કે ટોચની નેતાગીરીને સામાન્ય માણસોની કે પછી તેના પોતાના પક્ષના કાર્યકરોની લાગણી બાબતે કોઈ જ અંદાજ હોતો નથી.વાસ્તવમાં મોદીની વાસ્તવિક ક્ષમતા બાબતે પણ સવાલો ઉભા થયા છે.

વડાપ્રધાન પ્રત્યે પુરા આદર સાથે એટલું તો કહેવું પડશે કે તેઓ વધારે ઉંચે ઉડી રહ્યા છે.જમીન પર આવી જાવ.પોતે વૈશ્વિક રાજનિતિજ્ઞ હોય એવી છબી ઉપસાવવાનો પ્રયાસ ન કરશો.વાસ્તવમાં કોગ્રેસ સાવ નબળો પડી ગયો હતો ત્યારે ભાજપના વોટશેરાં થોડો વધારો કરીને તમે સત્તાધારી પક્ષ વિરોધી જુવાળમાં ચુંટણી જીત્યા છો.તમે હજુ ભારતમાં કોઈ બદલાવ લાવ્યા નથી.ફીજી જવાની જરુર નથી.ફીજી કરતાં વધુ ગંભીર સમસ્યાઓ અહીં આપણે ત્યાં છે. એનઆરઆઈ સમુદાય તરફથી માત્ર તાળીઓ મેળવવાનો અર્થ નથી.જો એ લોકો તમને એટલો બધો પ્રેમ કરતાં હોય તો તેમની પાસે નાણાં માંગો. જો એક લાખ એનઆરઆઈ વર્ષે ૧૦૦૦ ડોલર ભાજપને આપવા તૈયાર થાય તો એક કરોડ ડોલર ધોળું નાણુ મળી શકે છે.તેનો ઉપયોગ ભાજપને મળતા ભંડોળને સ્વચ્છ કરવામાં કરો. આ કામ તમે ક્યારે શરુ કરશો ?

લોકપાલ લાવો, સીબીઆઈ અને સીવીસીને સ્વચ્છ અને સ્વતંત્ર બનાવો. ભ્રષ્ટાચાર પધ્ધતિસર નાબુદ કરો. મોદી છે ત્યાં સુધી ભ્રષ્ટાચાર કોઈ કરી ન શકે એવું ના કહેશો. કેમકે આવતીકાલે મોદી નહી હોય તો શું થશે ?મીડીયા તેમજ પક્ષમાં રહેલા જુનિયર કાર્યકરોને હડધુત ન કરશો . તેમને ભય નહી પણ માન થાય એવું કરો.અહંકાર ન કરશો. કેમકે જો એવુ કરશો તો એજ લોકો એક દિવસ તમારા માટે ખતરારુપ બની જશે. ભાજપના ડીએનએમાં નથી કે તે એક વ્યક્તિનો પક્ષ બની રહે.

આક્રમક હિન્દુત્વવાદીઓને ચુપ કરો.એ લોકો બોલ્યા કરશે.તમે તેમની ઉપેક્ષા કરો.એ લોકો તમારા ટેકેદારો છે.તમારે તેમને સ્પષ્ટપણે કહેવું પડશે કે આ બધું બરાબર નથી.યુવા પેઢી એવા નેતાને ટેકો નથી આપતી કે સ્વતંત્રતા અને સામાજિક સમાનતામાં માનતી ન હોય. જેન્ડરને લગતા મુદ્દા અને લઘુમતી અધિકારો વિશે જાણકાર મેળવવા માટે તમારા પક્ષના જુનવાણી નેતાઓને વિદેશ મોકલો, અન્યથા એ લોકો જ તમને ડુબાડી દેશે.

તમારા ભાષણોમાં ઓવરકોન્ફિડન્સ ન રહેશો. માત્ર તમારી વાહ વાહ કરતાં હોય એવા લોકોને નહીં પરંતુ તમારા ટીકાકારોને પણ તમારી નજીક રાખો. તમે જાહેરમાં જે કંઈ બોલો તે પહેલાં બરાબર ચકાસી લો. જો તમે આવું કર્યુ હોત તો નક્ષલ અને બાજારુ જેવા શબ્દો બાકાત કરી શકાયા હોત.એક વડાપ્રધાનને માટે આવા ઉચ્ચારણ યોગ્ય નથી.સાદા વસ્ત્રો પહેરો,કરિશ્મા માત્ર ચારિત્ર્ય,જ્ઞાન અને સોહાર્દથી આવે છે.મોઘાં વસ્ત્રોથી નહીં. યુવાનો સાથે જોડાયેલા રહો અને તેમના માટે નક્કર કામગીરી કરો. લોકસભા ચુંટણી દરમિયાન એ લોકોએ તમારા માટે સુત્રોચાર કર્યા હતા, તેમની ફેસબુક અને વોલ અને ટ્વીટર હેન્ડલ તમારા વખાણથી ભરી દીધા હતા. તેમના માટે તમે શું કર્યુ ? ચુંટણી પહેલા તમે એસઆરસીસીમા જઈને લેકચર આપ્યુ હતું પણ ત્યારબાદ તમે ક્યારેય કોઈ કોલેજમાં ગયા છો ?

પક્ષ પ્રમુખ ખરેખર હોશિયાર હશે,પરંતુ ક્યારેક કોણ વધારે હોશિયાર છે એ બાબત નહી પરંતુ કોણ ખરેખર કાળજી લે છે એ વધારે અગત્યનું હોય છે. ચેસની જેમ પ્યાદા ખસેડવાથી દરેક વખતે ચુંટણી જીતી ન શકાય.પરતું લોકો સાથે સંપર્ક જાળવી રાખવાથી જીતી શકાય.પક્ષ પ્રમુખની જે છબી છે તેનાથી કોઈનામાં આત્મવિશ્વાસ ન જાગી શકે. અમિતાભ બચ્ચન અમરસિંહની બાજુમાં ઉભા હોય તો તેનાથી શું અમિતાભ બચ્ચનનું કંઇ ભલું થઈ શકે ?વાતચીતમાં લોકોને ધુત્કારી ના કાઢશો.તેમની સાથે વાતચીત કરો. જો તમે સવાલના જવાબ આપવા માંગતા ન હોવ તો લોકોને સંબોધન ન કરશો. રેડીયો પર એક તરફી વક્તવ્ય ના આપશો.આવા પ્રયાસો ઈન્દીરા ગાંધી અને ઉત્તર કોરીયાની યાદ અપાવે છે.આ બહુ આવકાર્ય બાબત નથી.શું તમે ખરેખર એવું માનો છો કે દિલ્હી યુની.નો કોઈ વિદ્યાર્થી તેના મિત્રને રેડીયો પર ‘‘મન કી બાત ‘‘મિસ ન કરવા જણાવશે.

વધુ કોલેજો શરુ કરો. પ્રવાસન વિકસાવો. વધુ રોજગારી આપતા હોય એવા ક્ષેત્રો પરના વેરા ઘટાડો.નાના ગામોમાં હેડક્વાટર્સ ખસેડવા તૈયાર હોય એવી કંપનીઓને કર રાહત આપો.ઈન્ટીરીયરનાં ક્ષેત્રમાં કુશળતા અને જોબ માટે કંઈક નકકર કામ કરો.પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ યોગ્ય રીતે ચાલે એ નિશ્ચિત કરો અને તેમાં શિક્ષણ સારુ હોવું જોઈએ. પ્રાથમિક શાળાના આપણાં અડધો અડધ બાળકો સાચી રીતે વાંચી પણ શકતાં નથી.શહેરોમાં ઓછી કિંમતના આવાસોની અત્યંત જરુરીયાત છે.આ આવાસોમા પાણી,વીજળીની સુવિધા હોવી જરુરી છે.એટલુંજ નહી પરંતુ ટ્રાન્સપોર્ટ સુવિધા પણ મળવી જોઈએ. શહેરી ગરીબો ગૌરવપુર્વક રહી શકે તે માટે આ પગલાં જરુરી છે.તેમને ગૌરવ મળે તે જરુરી છે.દિલ્હીમાં એ લોકોએ તમારા માટે મત નહોતા આપ્યા, બરાબર, તો તેમનો પ્રેમ ફરી જીતી લો.

વાસ્તવિક બનો. કામ અને જીવન વચ્ચે સંતુલન જાળવો.એક વડાપ્રધાન પણ ક્યારેક ફિલ્મ માણી શકે. અથવા દિલ્હીમાં કયાંક ચાટ ખાઈ શકે. ગ્લોરીફાઈડ વડાપ્રધાન કરતાં એક માનવીય વડાપ્રધાન વધારે સારી રીતે કામ કરી શકે. પ્રતિમાઓની કોઈ જરુર નથી.પ્રતિમાઓને બદલે શાળાઓની વધારે જરુર છે. શું પ્રતિમાને બદલે હોસ્પીટલ વધારે આવશ્યક નથી?

વિરોધીઓ પર અંગત હુમલા ન કરશો.આવી સલાહ આપનારા સાથીદારોથી છુટકારો મેળવી લો.ધનિક ઉદ્યોગપતિઓ સાથે મુલાકાતો બંધ કરો. અલબત્ત સત્તાવાર રીતે તમારે તેમને મળવાની જરુર હોઈ શકે પણ એવી મુલાકાતોને માધ્યમોમાં ચગાવવાની જરુર નથી.અબજોપતિઓ સાથે નહી પણ એક અબજ લોકો સાથે મુલાકાત કરો.

છેવટે, ઉપર જણાવેલી બધી જ બાબતો એવા પક્ષને લાગુ પડે છે જે પ્રજાની વાત સાંભળે છે અને તેમની ઈચ્છા પ્રમાણે કામ કરે છે.

લેખક: ચેતન ભગત
(સૌ.નગુ.સમય)


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે બજેટની રાજકોષીય ખાધની ગણતરી ભુલભરેલી ગણાવીને આર્થિક સ્થિતિ માટે ચિંતા વ્યક્ત કરી



નરેન્દ્ર મોદી સરકારના આ કાર્યકાળનું છેલ્લું પુર્ણ બજેટ નાણાં મંત્રી અરુણ જેટલીએ સંસદમાં રજુ કર્યુ તેના વિશે પ્રતિક્રિયા આપતાં પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યુ હતું કે આ બજેટમાં તેમની ચિંતા રાજકોષીય ખાદ્ય ભરપાઈ કેવી રીતે થશે એ ચિંતાજનક છે.તેમણે કહ્યુ હતું કે ખેડુતોને રિઝવવા માટે સરકારે લઘુત્તમ ટેકાના ભાવ(એમએસપી)૫૦ ટકાથી વધુની ઘોષણા બજેટમાં કરવામાં આવી છે. તેની જોગવાઈ કેવી રીતે થશે એ પણ વિચાર માંગી લે છે.

મનમોહનસિંહે કહ્યુ હતું કે તેઓ આ બજેટને રાજકીય બજેટ કે ચુંટણીલક્ષી બજેટ નહીં કહે પરંતુ આ સાથે તેમણે આર્થિક સ્થિતિને મજબુત કરવા અંગેની ચિંતા વ્યક્ત કરી હતી.રિફોર્મ બજેટ વિષે તેમણે કહ્યુ હતુ કે આ શબ્દનો ખોટો ઉપયોગ વધુ થયો છે. જો કે આ આખરી સંપુર્ણ બજેટમાં મિડલ કલાસ લોકોને રાહતની આશા હતી તે ઠગારી નિવડી છે.ડો.મનમોહનસિંહે તો અર્થશાસ્ત્રી તરીકે બજેટને મુલવ્યું છે.તેમણે બજેટમાં રાજકોષીય ખાદ્યને ખુબજ મહત્વ આપ્યું છે. તેમની ટીકા સામાન્યની સમજ બહાર છે.

## જાણવા જેવું !

શાહમૃગનું એક ઈંડુ ત્રણ રતલ વજનનું હોય છે.

આર્કટિકના શિત પ્રદેશમાં વસતું ટર્ન નામનું પક્ષી એક વર્ષમાં ૨૨૦૦૦ માઈલનો પ્રવાસ કરે છે.

વોશિગ્ટન ખાતે એક ધોડાની ઉંચાઈ ૬ફુટ ૧૧ ઈંચ હતી.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ફરજની જ્યોત

-મથુર વસાવા, સેન્ટ જોસેફ સ્કુલ, ઉના જી.ગીર-સોમનાથ

ગુજરાતનો મોટામાં મોટો તાલુકો એ મચ્છુન્દ્રી નદીને કાંઠે વસેલું ગામ એટલે ઊના.ઊનામાં મધ્ય વિસ્તારમાં ટાવર ચોક આવેલો છે.સોમનાથ અને દીવ દર્શને જઈએ ત્યારે ટાવર ચોકના અવશ્ય દર્શન થાય. બસ સ્ટેશનથી ત્રિકોણ બાગ થઈને ટાવર ચોક વચ્ચેનું અંતર કાપવું ખુબ કાઠું કામ. અમદાવાદ-સુરતથી દીવ તરફ રફતાર જતી ગાડીના પૈડા ત્રિકોણ બાગ પાસે આવી થંભી જતા હોય છે. ત્રિકોણ બાગ-ટાવરચોક સુધી દરેક ગાડીઓ ટ્રાફિકને કારણે ગોકળ ગાય બની જતી હોય છે. પણ ટાવરચોક પહોચ્યા પછી દીવ રસ્તે ગાડીઓ બંધુકની ગોળીઓ બની જતી હોય છે.

ટાવરચોક પાસે શાકભાજી માર્કેટ જનજીવન માટે ખુબ ઉપયોગી છે. પણ તે ટ્રાફિકને કારણે માથાનો દુઃખાવો સમાન છે. વાહન ચાલકો ત્યાંથી પસાર થાય ત્યારે એવું લાગે કે જાણે ડ્રાઈવર રેલ્વે સ્ટેશનની વેઈટીંગ રુમમાં બેઠો છે.ક્યારેક ગાય વાહનોને આડે આવે તો ક્યારેક ભુંડ અવરોધરુપ બને છે. ધુળ તો જાણે રસ્તા પર મહેમાન બની હોય તેમ લાગે.આ સ્થળે લારી,વાહનો અને પશુઓને કાબુમાં રાખી શકે તે કોઈ નોખી માટીનો માનવી જ કરી શકે. આ સ્થળે લગભગ ત્રણેક મહિનાથી એક પોલીસ જવાન ફરજ પર જોવા મળે છે. તે જવાન દોઢસોથી બસો મીટરના અંતરે ટ્રાફિક હળવો કરે છે. તે સવારથી લઈને સાંજ સુધી હાથમાં દંડો ,સીસોટી અને કમરે મોબાઈલ રાખી સતત ખડેપગે ઊભા રહી,નિષ્ઠાપુર્વકનું કાર્ય કરી રહ્યો છે.આ પોલીસ જવાનના કાર્યો લોકોના હૈયે વસી ગયા છે. તેમનું કાર્ય ઊના પંથકમાં વખણાઈ રહ્યું છે. જવાનને મે લાઠી ચાર્જ કરતાં જોયો નથી.લાખ કારણ બતાવી કોઈ જન પાસે હરામનો રુપિયો લેતો નથી.કોઈના પર અપશબ્દોનો વરસાદ વરસાવ્યો હોય તેમ કદી બન્યું નથી. આ જવાન દોઢસો મીટરના અંતરે જાણે ફરજરુપી પ્રેમનો દરિયો વરસાવતો હોય તેમ લાગે છે. આ પોલીસની વાત મે વર્ગખંડમાં રજુ કરી હતી. ત્યારે વિદ્યાર્થીઓના ચેહરા પર આશ્ચર્યની ચમક આવી ગઈ હતી.અને મજેદાર વાત એ પણ છે કે બરાબર એક અઠવાડિયા પછી દિવ્યભાસ્કરના સોરઠ ભાસ્કરમાં આ પોલીસના ન્યુઝ પ્રગટ થયા હતા.

છાત્રાલયના રસોયાની નોંધ લેવા જેવી હોય છે.છાત્રાલય એક વ્યક્તિથી ચાલતું નથી. પરંતુ ઘણા બધા લોકોના પરિશ્રમથી વેગવંતુ બનતું હોય છે.રસોયો પ્રાતઃકાળે વહેલો ઉઠી રસોડાના કાર્યમાં જોતરાઈ જતો હોય છે. રસોડામાં રસોયો અગ્નીની ભઠ્ઠી પાસે બેઠો હોય ત્યારે એમ લાગે કે જાણે અગ્ની સામેલડી રહ્યો હોય. તે છતાં રોટલીઓની થપ્પી તૈયાર કરી દેતો હોય છે.ત્યારબાદ છાત્રાલયના બાળકોને ગરમ-ગરમ રોટલી પ્રેમાળ હસ્તથી પીરસતો હોય છે ્ને તે બાળકોનું પેટ પુજા થઈ જાય ત્યાં સુધી ખડેપગે ઉભો રહેતો હોય છે. હું ઘણીવાર વર્ગખંડમાં વિદ્યાર્થીઓને એક ઉદાહરણ આપતો હોઉ છું. શિક્ષકનું જીવન એક વટવૃક્ષ જેવું છે. વૃક્ષ એનું એ રહે છે પણ તેના પર્ણો બદલાતા હોય છે. શિક્ષક એકનો એક રહે છે પણ દર વરસે વર્ગખંડમાં વિદ્યાર્થીઓ બદલતા રહે છે.પાનખરમાં પર્ણો વિનાનું વૃક્ષ વસંતત્રુતુમાં પર્ણોથી ભર્યુ ભર્યુ થઈ જતું હોય છે.શિક્ષક અને વિદ્યાર્થીઓ પણ વૃક્ષ અને પર્ણો જેવું જ છે. પાનખર એટલે ધોરણ બારના વિદ્યર્થીઓનું શાળામાંથી વિદાય લેવી અને વસંતઋતુ એટલે અગિયારમાં ધોરણના વિદ્યાર્થીઓનું ધોરણ બારના વર્ગખંડમાં આગમન કરવું.શિક્ષકમાં ઉપકારની ભાવના અને સેવાવૃત્તિ જીવનનના પાયામાં હોય છે.શિક્ષક આર્થિક રીતે નબળો પડે ત્યારે તે જુના વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાણી કરતો નથી.સમસ્યાઓનો ઉકેલ લાવી પોતાની જીંદગી રળિયામણી બનાવતો હોય છે.આથી જ ડો. ભદ્રાયું ઉછરાજાની કહે છે કે પ્લીઝ શિક્ષકને શિક્ષક જ રહેવા દો. બાગનો માળી કદી ફુલો પાસે જઈને કરગરીને પગાર માંગતો નથી. તે છતાં બગીચાને સુંદર આકાર આપે છે. બગીચામાં ફુલો મહેકે છે તેમ ફુલોને જોઈને માનવીનું મન મહેકવા લાગે છે. બોગોના ફુલોને જોઈને બાળકોમાં મોજનો દરિયો છલકાઈ જાય છે.

ફરજની જ્યોત જ્યારે ભુંઝાઈ જાય ત્યારે કાર્યોમાં નબળાઈ આવી જતી હોય છે. આ નબળાઈઓ દિવસે, મહિને અને વર્ષ થતાં એટલી બધી વધી જતી હોય છે કે એક મોટો ખટારો ભરાઈ જાય. આળસ નામની ચીજની જીવનમાં એન્ટ્રી પડી જાય ત્યારે થાક જીવનભર રહેતો હોય છે.ઓફિસ નબળી પડે ત્યારે ઓફિસમાં સર્વત્ર બગાસું જાહેર થઈ જાય છે.ડોકટર નબળો પડે ત્યારે હોસ્પીટલના પલંગોમાં મરીઝોની સંખ્યા ઘટાડો ને બદલે વધારો. એન્જીનીયર નબળો પડે ત્યારે નદી પરના પુલ આગળ લખેલું હોય છે આગળ પુલ નબળો છે.પાયલટ નબળો પડે ત્યારે કોકપીટમાં આરામનો ઝંડો લહેરાય. શિક્ષક નબળો પડે ત્યારે વર્ગખંડમાં ઊંઘની જાહેરાત થઈ જાય.આમ ફરજ કાચી પડે ત્યારે નબળાઈ વ્યક્તિની આસપાસ ઉમટી પડતી હોય છે.માનવીની પહેલાંની જે છાપ હોત તે ધીરે ધીરે ધોવાઈ જતી હોય છે. ફરજ માત્ર નોકરી વેળાએ જ નથી પણ જીંદગીમાં સર્વત્ર હોવી જોઈએ. ફરજની જ્યોત સદા જલતી રહેશે નહીં તો ફરજની જ્યોત ભુંઝાઈ જશે.

# નાણાં મંત્રાલય પાસે વિજય માલ્યાની લોનના કોઇ રેકોર્ડ નથી.

નાણાં મંત્રાલયે તેને પુછવામાં આવેલા સવાલના જવાબમાં જણાવ્યુ હતું કે વિજય માલ્યાને અપાયેલ લોન અંગેના કોઈ રેકોર્ડ તેમની પાસે નથી.જે અંગે કેન્દ્રીય માહીતી પંચે કહ્યુ છે કે આવો ફાલતુ અને કાયદા મુજબ ટકી ના શકે તેવો આ જવાબ છે.રાજીવ કુમાર નામના એક વ્યક્તિએ રાઈટ ટુ ઈન્ફરમેશન હેઠળ કરેલી અરજીના અનુસંધાને મુખ્ય માહિતી કમિશ્નર આર.કે.માથુરને નાણાં મંત્રાલય તરફથી આ જવાબ મળ્યો હતો.ભુતકાળમાં આ મંત્રાલયે સંસદમાં આ માહીતી આપી છે.૨૦૦૯માં માલ્યાની ૮૦૪૦કરોડની લોન એનપીએ જાહેર કરાઈ હતી.

# ખોટા સરવેના કારણે ભારતનું રેન્કીગ સુધારતાં વર્લ્ડ બેન્કના રિપોર્ટમાં પોલંપોલ : યુએસ થીન્ક ટેન્ક

છેલ્લા કેટલાક વર્ષોના આંકડાઓ જુઓ તો તેમાં દેશનું અર્થતંત્ર ફુલ ગુલાબી થઈ રહ્યુ છે અને અર્થતંત્ર હરણ ફાળ ભરી રહ્યું છે તેવા કેટલીક એજન્સીઓના રીપોર્ટ પર સરકાર ભ્રામક રજુઆતો કરી રહી છે.પરંતુ ખોદ્યો ડુગર અને નિકળ્યો ઉંદર જેવી ઉક્તિ સાચી પડી રહી છે.અમેરિકન થિન્ક ટેન્ક સેન્ટર ફોર ડેવલપમેન્ટએ ઈઝ ઓફ ડુંઈગ બિઝનેસમાં ભારતના રેન્કીંગમાં મોટો સુધારો કરનાર વિશ્વ બેન્કના રિપોર્ટને ફગાવી દીધો છે. સીડીજીએ વિશ્વ બેન્કના રિપોર્ટને ભ્રામક ગણાવીને સરવેની પધ્ધતિ પર જ સવાલ ઉઠાવી દીધા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈઝ ઓફ ડુઈંગમાં વિશ્વ બેન્કના રેન્કીંગમાં ભારતે ૩૦ પાયદાનની છલાંગ લગાવી હતી સંસ્થાએ દાવો કર્યો હતો કે વિશ્વ બેન્કના રિપોર્ટમાં ખોટો પ્રચાર કરવામાં આવ્યો છે. અમેરિકી થિન્ક ટેન્કે વિશ્વ બેન્કના રિપોર્ટનું ક્રોસ ચેકીંગ કરી તેની જાણકારી પોતાની વેબસાઈટ ૫ ર મુકી છે. વિશ્વ બેન્કના રેન્કીંગ પર સવાલ ઉઠાવનારી આ સંસ્થા વૈશ્વિક સ્તરે ગરીબી અને અસમાનતા સાથે સંકળાયેલા મુદ્દાઓ પર વ્યાપક અભ્યાસ માટે જાણીતી છે.

અગાઉ પણ વિશ્વ બેન્કના આ રિપોર્ટ પર ઘમસાણ મચી ચુક્યું છે. તે સમયે વિશ્વ બેન્કના મુખ્ય અર્થશાસ્ત્રી પોલ રોમરે ૨ ાજકીય સ્તરે રેન્કીંગમાં છેડછાડનો આરોપ મુકતાં જાન્યુઆરીમાં રાજીનામું આપી દીધું હતું.જો કે તે સમયે વિશ્વ બેન્કે બચાવમા જણાવ્યુ હતું કે છેલ્લા ચાર વર્ષના રેન્કીંગની ફરી તપાસ કરાશે.

સીડીસીએ જણાવ્યુ હતું કે ૨૦૧૪ પછી વિશ્વ બેન્કે રેન્કીંગ નક્કી કરતાં માપદંડ જ બદલી નાંખ્યા હતા.નવા માપદંડ પ્રમાણે ભારતનું રેન્કીંગ ભલે સારુ દેખાતું હયો પરંતુ વાસ્તવિકતા તદ્દ્ન ઉલટી છે. વિશ્વ બેન્કે તેની વેબસાઈટ પર ભ્રામક મથાળા સાથે આ રિપોર્ટ જાહેર કર્યો હતો. જેના દ્વાર ઈઝ ઓફ ડુઈંગમાં ભારતની નકલી છલાંગનો પ્રચાર કરાયો હતો.વિવાદ થયો તો બેન્કે સ્પષ્ટતાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ તે બધા પર ા મથાળું ભારે પડી ગયું હતું.

સંસ્થાએ જણાવ્યુ હતું કે ભારતને જુની પધ્ધતિ પ્રમાણે ૨૦૧૪માં ૮૧.૨૫ અને નવી પધ્ધતિ પ્રમાણે ૬૫ પોઈન્ટ મળ્યા હતા. તે હિસાબે અમે દર વર્ષે હિસાબ કરીને રેન્કીંગ કાઢી કન્સિસટન્ટ મેથોડોલોજી એન્ડ ફિક્સ્ડ સેમ્પલ ઓફ કન્ટ્રીઝ પધ્ધતિ દ્વારા તપાસ થઈ તો જાણવા મળ્યું કે ભારતની રેન્કીંગમાં ફક્ત ૭ પાયદાનનો સુધારો થયો છે. એટલેકે ભારત ૧૪૧માં સ્થાનથી ૧૩૪માં સ્થાને જ પહોચ્યો છે.વર્લ્ડ બેન્કના રિપોર્ટમાં ભારતને ૧૩૦ થી ૧૦૦માં સ્થાન પર પહોચાડી દેવાયો હતો.વિશ્વ બેન્કના રેન્કીંગમાં ભારતના સ્થાનમાં સુધારાને પીએમ મોદીએ ઐતિહાસિક છલાંગ ગણાવ્યો હતો.

જો કે ભુતકાળમાં આવા કેટલાક સર્વેને દર્શાવીને સરકારે પોતાની યોજનાઓથી કોઈ ક્ષતિ પહોચી નથી તેવું બતાવવાનો અથાગ પ્રયત્ન કર્યો છે.મુડીઝ દ્વારા આવા કેટલાક રિપોર્ટને દર્શાવીને અર્થતંત્ર ઝડપી પ્રગતિ કરી રહ્યું છે તેવું જણાવવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.જ્યારે વિદેશી મુડી રોકાણ નબળું પડ્યું ત્યારે પણ આવા જ કંઈ આધારોને આધારે ભુલો સુધારવાનો પ્રયત્ન કરાયો છે પરતું આવા રિપોર્ટો ખોટા સાબિત થયા છે.તેથી આવી કોઈ સાજીસ હોવાની પ્રતિતી થયા કરે છે.

નવા ઊદ્યોગો દેશમાં આવી નથી રહ્યા તે પણ એક હકીકત છે.અર્થતંત્રમાં ફુગાવો વધ્યો છે. મોઘવારી વધીછે વિગેરે બાબતો પર રહસ્યમય રીતે ખોટા રિપોર્ટોને ઉકસાવી ભારત ઈઝ ઓફ ડુઈંગ કેવી રીતે શક્ય બને ?


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.